# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-10-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. **ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમની જળ સપાટી તેની મહત્તમ ૧૩૮.૬૮ મીટરે પહોંચતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નર્મદાના નીરના વધામણા કર્યા**
2. **નવરાત્રીમાં ગરબા આયોજનના સ્થળે જ નાગરિકોને ત્વરીત સારવાર પૂરી પાડવા મેડીકલ ટીમ સાથેની એમ્બ્યુલન્સ તૈનાત કરાશે**
3. **સી.એમ સેતુ યોજના અંતર્ગત રાજ્યમાં ફરજ બજાવતા વીઝીટીંગ તજજ્ઞો અને સુપર સ્પેશીયાલિસ્ટ ડોક્ટરો તથા રાજ્ય સરકારનાં અનુદાનથી ચાલતી હોસ્પિટલોના વીઝીટીંગ ડોક્ટરોનાં માનદ વેતનમાં વધારો કરાયો.**
4. **આવતી કાલે ગાંધી જયંતિ પ્રસંગે રાજ્યભરમાં કાર્યક્રમો યોજાશેઃ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય રમતગમત મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયા પોરબંદરની મુલાકાતે આવશે**
5. **આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે 108 સેવાની ૧૦૦ નવીન એમ્બ્યુલન્સનું લોકાર્પણ કર્યું**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Narmada Water CM

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમની જળ સપાટી તેની મહત્તમ ૧૩૮.૬૮ મીટર એટલે કે, ૪૫૫ ફુટ પહોંચતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે બપોરે વિજય મુહૂર્તમાં સરદાર સરોવર ડેમ સાઈટ એક્તા નગર પહોંચીને નર્મદાના નીરના વધામણા કર્યાં હતા. ડેમની ૧૩૮.૬૮ મીટર સપાટીએ કુલ જળસંગ્રહ ક્ષમતા ૯૪૬૦ મીલીયન ઘનમીટર છે.

આ વર્ષે સારા વરસાદને પગલે સરદાર સરોવર ડેમ ૧૧ ઓગસ્ટથી ઓવરફ્લો થવાનો શરૂ થયો હતો. અત્યાર સુધીમાં ૫૧ દિવસ સુધી આ જળાશય છલકાયું છે. નર્મદા યોજનાના રીવર બેડ પાવર હાઉસ તથા કેનાલ હેડ પાવર હાઉસમાં આ વર્ષે ચોમાસામાં કુલ ૧૩૪૩ મેગાવોટ વીજળી તથા અત્યાર સુધીમાં ૬૨૮૩ કરોડ યુનિટ વીજળી ઉત્પન્ન થઈ છે.

મુખ્યમંત્રીએ રાજ્યના ૧૦,૦૧૪ ગામો, ૧૮૩ શહેરો અને ૭ મહાનગરપાલિકા વિસ્તારો એમ કુલ મળીને ચાર કરોડ જેટલા લોકોને પીવાનું પાણી પુરું પાડતા આ જળાશય છલકાતાં મંત્રોચ્ચાર વચ્ચે જળ રાશિનું પૂજન કર્યુ હતું.

૨૦૧૭માં રાષ્ટ્રાર્પણ પછી આ ડેમ અત્યાર સુધીમાં પાંચ વાર તેની મહત્તમ સપાટીએ ભરાયો છે. ડેમ ઓવરફ્લો થતાં રાજ્યની ૧૦ નદીઓમાં નર્મદા જળરાશિ વહેવડાવીને આ નદીઓને જીવંત કરવામાં આવી છે.

દરમિયાન, સારા વરસાદને પગલે દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમ 345 ફુટની સંપૂર્ણ સપાટી સુધી ભરાયો છે. ડેમ સંપૂર્ણ ભરાતા દક્ષિણ ગુજરાતના ખેડૂતોમાં હર્ષની લાગણી વ્યાપી છે. ડેમ સંપૂર્ણ ભરાતા તાપી, સુરત, નવસારી અને વલસાડ સહિતના જિલ્લાના લોકોને ખેતી માટે આગામી એક વર્ષથી વધુ સમય ચાલે તેટલો પર્યાપ્ત પાણીનો જથ્થો ઉપલબ્ધ થયો છે.

-----------------------------------

-માહિતી ખાતુ , ptc તાપી અનિલ, નવીન

# rushikesh navratri

ગુજરાતના સુપ્રસિદ્ધ નવરાત્રી પર્વ દરમિયાન માઈભક્તો-ખેલૈયાઓની આરોગ્ય સલામતી સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા સુદ્રઢ આયોજન કરાયું છે.

આ પ્રસંગે પ્રેસ-મીડિયાને વિગતો આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે ગરબાના સમય દરમિયાન આયોજનના સ્થળે નાગરિકોના આરોગ્યને લગતા કોઈ પ્રશ્નો ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં મેડીકલ ટીમ સાથેની એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યના સામુહીક આરોગ્ય કેન્દ્રો, પેટા જિલ્લા હોસ્પિટલો અને જિલ્લા હોસ્પિટલો ખાતે રાઉન્ડ ધ કલોક તબીબો સહિતનો મેડીકલ સ્ટાફ ખડે પગે રહેશે.

((બાઈટ હર્ષ સંઘવી)

-----------------------------------

માંખા -જયેશ પટેલ

# NAVRATRI UTSAV

3 ઑક્ટોબરથી રાજ્ય સહિત દેશભરમાં નવરાત્રીનો પ્રારંભથી રહ્યો છે, ત્યારે રાજ્યના પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી તેમજ બહુચરાજી સહિત માતાજીના અન્ય સાત દેવસ્થાનો ખાતે ભવ્ય ગરબા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સાંસ્કૃતિક મંત્રી મુળુભાઈ બેરાના નેતૃત્વમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા અંબાજી ખાતે 3થી 11 ઑક્ટોબર જ્યારે મહેસાણાના બહુચરાજી શક્તિપીઠ ખાતે 3થી 12 ઑક્ટોબર દરમિયાન નવરાત્રીનું ભવ્ય આયોજન કરાશે. આ ઉપરાંત નવરાત્રીના નવ દિવસોમાં માતાજીના અન્ય સાત દેવસ્થાન ખાતે પણ એક દિવસીય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. મોરબી પોલીસે નવરાત્રીને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે અને જીલ્લા પોલીસવડા રાહુલ ત્રિપાઠીએ પત્રકાર પરિષદ માં માહિતી આપતા જણાવ્યું હતું કે નવરાત્રી નિમિતે ટ્રાફિક અને ટીઆરબી જવાનોની ટીમ તૈનાત રહેશે

વલસાડ શહેરના મોંઘાભાઈ હોલ ખાતે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

પંચમહાલ જિલ્લાના પાવાગઢ યાત્રાધામ ખાતે ૧૭ ઓકટોબર સુધીના સમય દરમ્યાન નવરાત્રી તહેવારની ઉજવણી થવાની છે. આ સમયગાળા દરમ્યાન પાવાગઢ ખાતે તળેટીથી માંચી જવાના રસ્તા ઉપર ભારે તેમજ હળવા વાહનોના અવર જવર કરવા ઉપર મનાઇ ફરમાવેલ છે.

---

**માહિતી ખાતુ ,સુનિતા ,ptc મોરબી,વલસાડ ,પંચમહાલ , જયેશ પટેલ, નવીન**

# Visiting Doctors Wage hike

સી.એમ સેતુ યોજના અંતર્ગત રાજ્યમાં ફરજ બજાવતા વીઝીટીંગ તજજ્ઞો અને સુપર સ્પેશીયાલિસ્ટ ડોક્ટરો તથા રાજ્ય સરકારનાં અનુદાનથી ચાલતી હોસ્પિટલોના વીઝીટીંગ ડોક્ટરોનાં માનદ વેતનમાં વધારો કરવામાં આવ્યો છે.

આજે રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં લેવાયેલા આ નિર્ણયની માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના સામુહિક આરોગ્ય કેન્દ્રો, પેટા જિલ્લા હોસ્પિટલો અને જિલ્લા હોસ્પિટલો ખાતે ફરજ બજાવતા તબીબોને અગાઉ પ્રતિ કલાક અંતરના આધારે રૂ. ૭૦૦ થી રૂ. ૯૦૦ વેતન આપવામાં આવતું હતું, જેમાં હવે વધારો કરાયો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, પીડિયાટ્રીશીયન અને જનરલ ફિઝિશીયનને પ્રતિ દિન ૩,૦૦૦ રૂપિયા તેમજ આ સિવાયના તમામ સુપર સ્પેશીયાલીસ્ટ ડોકટરોને પ્રતિ દિન ૨,૦૦૦ રૂપિયા માનદ વેતન ચૂકવવામાં આવશે, જેની સામે આ તબીબોએ રોજની લઘુત્તમ ૩ કલાકની ફરજીયાત સેવાઓ આપવાની રહેશે. આ મહેનતાણા ઉપરાંત સર્જરીના પ્રકારને આધારે ડોકટરોને ૩૦૦ થી ૨,૦૦૦ રૂપિયા સુધીનું પ્રોત્સાહન પણ મળવાપાત્ર રહેશે. સર્જરી દરમિયાન એનેસ્થેટીસ્ટની સેવાઓ લેવામાં આવે તો તેમને અત્યારની પ્રોત્સાહક રકમનાં ૫૦ ટકા રકમ વધુ આપવામાં આવશે.

આ ઉપરાંત, રાજ્યની સરકારી મેડિકલ કૉલેજ અથવા GMERS સંચાલીત મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા વીઝીટીંગ સુપર સ્પેશીયાલીસ્ટ ડોકટરોને અગાઉ પ્રતિ ત્રણ કલાક માટે 2700 રૂપિયા ચૂકવવામાં આવતા હતા, જે વધારીને ૮,૫૦૦ કરવામાં આવ્યા છે.

નોન સર્જીકલ સુપર સ્પેશ્યાલીસ્ટને દિવસના રૂ. ૮,૫૦૦ આપવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલોના વીઝીટીંગ ડોક્ટરોના પ્રતિ વીઝીટ માનદ વેતન દરમાં પણ વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. છેલ્લે વર્ષ ૨૦૧૮માં માનદ વેતનના દર નક્કી કરવામાં આવ્યા હતા.

તેમણે સુધારેલા દર અંગે કહ્યું કે, ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલોમાં વીઝીટીંગ ડોક્ટરનો આશરે ૫૦ કિ.મી. સુધીના અંતર માટે માનદ વેતનનો દર અત્યારે રૂ. ૭૦૦થી વધારીને ૧,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે. તેવી જ રીતે, ૫૧ થી ૧૦૦ કિ.મી. સુધીના અંતર માટે માનદ વેતનનો દર ૮૦૦ થી વધારીને  ૧,૨૫૦ રૂપિયા કરવામાં આવ્યો છે.

-----------------------------------

-માહીતી ખાતુ અનિલ, નવીન

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

....................................

DESK

# CM MANSUKH MANDIVYA PORBANDAR VISIT

આવતીકાલે ગાંધી જયંતિ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા પોરબંદરના કીર્તિમંદિર ખાતે સવારે 8 થી 9 દરમિયાન ખાતે પ્રાર્થનાસભા માં ઉપસ્થિત રહેશે. ત્યારબાદ 9:10 થી. 9:20 સુદામા ચોક ખાતે શ્રમદાન કાર્યક્રમમાં તેમજ 9:25 થી 11 વાગ્યા સુધી બિરલા હોલ ખાતે યોજાનાર કાર્યક્રમ માં ઉપસ્થિત રહેશે.

ડૉ. માંડવિયા 11 થી 11:30 દરમિયાન ખાદી ભંડાર ખાતે ખરીદી કરશે, 11:30 થી 12 કમલાબાગ ખાતે વ્યાયામશાળા નું લોકાર્પણ કરશે. 12 થી :12:30 દરમિયાન કમલાબાગ પોલીસ સ્ટેશન ની મુલાકાત લેશે.

-----------------------------------

પીટીસી, પોરબંદર, અનિલ પટેલ નવીન

# 108 SERVICE AMBULANCE

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આજે 108 સેવાની 100 નવીન એમ્બ્યુલન્સનું લોકાર્પણ કર્યું હતું. ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સની 10 ગાડીનું અને 38 આઈસીયુ ઓન વ્હીલનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું.. નવીન એમ્બ્યુલન્સ શરૂ કરવાથી જૂની 100 એમ્બ્યુલન્સને બંધ કરવામાં આવશે. જૂની 100 ગાડી પૈકી, સારી સ્થિતિ ધરાવતી ગાડીઓને ખિલખિલાટમાં મુકવામાં આવશે

(બાઈટ ઋષિકેશ પટેલ)

-----------------------------------

ptc ગાંધીનગર ,જયેશ પટેલ, નવીન

# cm portal

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ભેટ-સોગાદોના ઓનલાઈન વેચાણના ઈ-પોર્ટલને લોન્ચ કર્યુ હતું. દેશના કોઈપણ ખૂણે વસતા લોકો આ પોર્ટલનો લાભ લઈને તોશાખાનાની ભેટ-સોગાદ ઈ-ઓક્શનથી ઓનલાઈન ખરીદી કરી શકશે. મુખ્યમંત્રી ને જાહેર સમારંભો તથા વિવિધ પ્રવાસ-મુલાકાતો દરમ્યાન મળતી ભેટ-સોગાદનું વેચાણ કરીને તેમાંથી મળતી આવકનો ઉપયોગ કન્યા કેળવણી માટે કરવામાં આવશે. આ માટે રાજ્ય સરકારે" સી એમ ગુજ મેમેન્ટો ડોટ ગુજરાત ડોટ જીઓવી ડોટ ઇન ઓનલાઈન પોર્ટલ લોન્ચ કર્યુ છે.

-----------------------------------

માંખા ,જયેશ પટેલ

# Vatva School

વટવાની ખાનગી શાળાના શિક્ષકે વર્ગખંડમાં ધોરણ દસનાં વિદ્યાર્થીને મારવાની ઘટના સામે વાલીઓમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. આ ઘટનાનો વિડીયો વાઇરલ થતાં અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ કડક પગલાં ભર્યા હતા.

રાજ્યનાં શિક્ષણ મંત્રી પ્રુફલ પાનસેરિયાએ આ ઘટના અંગે આ મુજબ પ્રતિક્રિયા આપીઃ

(Byte Praful panseria)

-----------------------------------

ડેસ્ક, અનિલ પટેલ, નવીન